સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૫

સલામી સવારની..

રહેવા લડવાના મૂડમાં, કારણ લઇ ફરે છે!
જો-હુકમીથી હાથમાં, બંધારણ લઇ ફરે છે,
ફરે છે હાથમાં લઇ કાયદો, કરે છે કંકાસ -
અંજલિ આપવામાં ય તલવાર લઇ ફરે છે..
(આંબેડકર ને અંજલિ!?)

હાઈકુ

કાર્ટૂન-બેનર્જી
સમજે ન મજાક -
ઔરંગઝેબ

કડક ચહેરો
હાસ્ય પર પહેરો -
સત્તા-મમતા...

(કાર્ટૂનિસ્ટની ધરપકડ)

ચિંતન

અંભોજિની વન નિવાસ વિલાસ મેવ હંસસ્ય હન્તિ નિતરાં કુપિતો વિધાતા ।
ન તત્વસ્ય દુગ્ધજલભેદવિધૌ પ્રસિદ્ધાં વૈદગ્ધ્યકીર્તિમપહર્તુમસૌ સમર્થઃ ॥

ક્રોધમાં આપણે ન કરવાનું કરી નાખીએ અને કોઇના મૃત્યુ-અંતનું કારણ પણ કદાચ બની જઇએ અને એને કારણે આપણો ક્રોધ સફળ થયો એમ કહેવાય નહીં કારણ કે, કોઇ નિર્દોષ-ગુણવાનનો આપણો ક્રોધ અંત આપી શકે પણ એના 'ગુણગાન'ની હત્યા કરી શકતી નથી. લોકો તો તેના 'સદ્‌ગુણ' થી તેને ચિરંજીવ જ રાખશે.

અર્થ :- 'ખૂબ ક્રોધિત થયેલા વિધાતા, હંસને તેના વનમાં રહેવાનાં અધિકારને કદાચ છીનવી પણ શકે, અને તેના આ આનંદને ભલે હણે, પણ એની દૂધ અને પાણીને અલગ કરવાની, ભેદ શક્તિની વિધિથી પ્રસિધ્ધ તેની કીર્તિ ન હરી લેવા બ્રહ્માજી પણ સમર્થ નથી.'

ક્ષમા-વિનય-નમ્રતા અને કામની સુખ-શાંતિ આપનારા સદ્‌ગુણ છે. કોઇ સત્તા કે કોઇ ઇશ્વરી તાકાત પણ આ સદ્‌ગુણો ને છીનવી શકતી નથી શરીરની નશ્વરતાને કારણે બાહ્ય રીતે એ આપણને નૂકશાન પહોંચાડી શકે જે સદ્‌ગુણો આત્મશાત થયા હોય તે ડર-ધમકી લાલચથી પણ ડગતા નથી.

આપણા પ્રાચીન સંત-ભક્તોના અનેક દૃષ્ટાંત છે કે ભક્તો પોતાની ક્ષમાવૃત્તિ અને સંસ્કાર વિનય-નમ્રતાની સુશીલતાથી કેટલાય અભિમાની સત્તાધારીઓને ઝૂકાવ્યા છે.

સુવિચાર

- જે ક્રોધી નથી તે મહાન શક્તિશાળી છે જે પોતાના ક્રોધ પર પોતાનું શાસન ચલાવી શકે છે તે જ મોટો શાસક છે - બાઇબલ
- ક્રોધ મનુષ્યને પશુ બનાવે છે તેથી જ તે પશુવત્ વ્યવહાર કરે છે - કે.બી.નારાયણ
- ક્રોધ એ ક્ષણિક ગાંડપણ છે એ પોતાને અન્યની દૃષ્ટિમાંથી પતિત કરે છે - હોરેસ
- ક્રોધ ક્યારેક બાહોશને પણ બાઘો-મૂર્ખ બનાવી દે છે - રાશ કૂકો
- ક્રોધમાં માણસનું મોઢું ખુલે છે પણ આંખ અને મગજ બંધ થઇ જાય છે - હેરી
- અન્યાય સામે, પાપ સામે, અત્યાચાર સામે ક્રોધ કરવો ઉચિત છે પણ પોતાના સ્વાર્થ માટે કદાપિ ક્રોધ કરવો નહીં - રામદેવજી
- ક્રોધ પર કાબૂ મેળવી લેવો સારો છે પણ તેની નજીક જવું જ નહીં એ વધારે સારું છે - એસ. ભટાચાર્ય

બોધકથા

માતા પોતાના બાળક ઉપર, ખાવા-પીવા માટે સારી ટેવો-સંસ્કાર માટે વાણી-વર્તન અને અભ્યાસ માટે ક્રોધ કરે એ ક્રોધ નથી એ વાત્સલ્યનો ઊભરો છે એ ક્રોધ માત્ર મુખમાં, શબ્દોમાં જ હોય છે એની અસર હૃદય પર નથી, અન્યાય સામેનો આક્રોશ પણ લગભગ આવો જ હોવો જોઇએ. અંગારો જ્યારે ફેંકાય ત્યારે એ સળગતો અંગારો જ હોય છે પણ જેવો એ પાણીમાં પડે કે તરત 'રાખ' થઇ જાય છે. આપણા પર આવેલા કોઇના ક્રોધને આપણે એમ જ ઠારી દેવો જોઇએ.

રશિયાના જનરલ જોસેફ સ્ટાલીન એક શક્તિશાળી મહાવીર પુરૂષ હતા. રૂસી તાનાશાહે રશિયા પર સુંદર શાસન કર્યું હતું. સામ્યવાદને રશિયામાં સ્થાપિત કર્યો.

એકવાર એક ચર્ચા ચાલતી હતી એમાં બધાં પોત-પોતાના નિખાલસ અભિપ્રાય આપતા હતા. સ્ટાલીનના સચિવ શ્રી બેરિયાને આ મુક્ત વાતાવરણનો લાભ લઇ સ્ટાલીન જેવા શક્તિશાળી સરમુખત્યારને એક-બે સાચી સંભળાવી અને તેના પગલાં અને સ્વભાવની આલોચના પણ કરી..

સ્ટાલીન ક્રોધ ભરાયા એની સહનશક્તિથી આ બહારની વાત હતી. દાંત ક્રચક્રાવી બેરિયાને મિટીંગમાં જ તમાચો મારવા હાથ ઉપાડ્યો કે, તરત જ મગજનો પક્ષઘાત થઇ ગયો.. અને બીજે જ દિવસે એ મૃત્યુ પણ પામ્યા..

..આ છે ક્રોધનું પરિણામ.

દેશની રાજકોષીય ખાધ ઘટાડવા તાકીદનાં પગલાં જરૂરી છે

તંત્રી સ્થાનેથી...

દેશનું આર્થિક ચિત્ર ચિંતાજનક છે. રિઝર્વ બેંકના એક અહેવાલમાં ગર્વનર ડી. સુબ્બા રાવે જણાવ્યું છે કે, રાજકોષીય ખાધનું વધતું પ્રમાણ ચિંતાજનક છે. ફુગાવાનો દર આર્થિક વિકાસને અવરોધી રહ્યો છે. વિશ્વના બજારમાં ફૂડ ઑઇલમાં ભાવ ભડકે બળે છે. ટૂંકાગાળાના દેવાનું પ્રમાણ પણ વધતું જાય છે. સબસીડીમાં થઇ કહેલો વધારો પણ સરકારની તિજોરી પર બોજારૂપ બનતો જાય છે. યુરોપ સહિત પશ્ચિમના દેશોમાં પણ વધુ એક વખત મંદીનો પવન ફુંકાયો છે. તેની પરોક્ષ અસર ભારતના ગ્લોબલાઇઝેશનને કારણે ભારતના બજારને ભીંસી રહ્યું છે. કદાચ આજકાલમાં વ્યાજના દરોમાં ૦.૨૫ ટકાના ઘટાડાની જાહેરાત થશે. જેનાથી બજારમાં નાણાંનો ફુગાવો ઘટાડાય એવી રીઝર્વ બેંક આશા સેવે છે. ઇનફ્લેશન રેટ જાન્યુઆરીમાં ૬.૫૦ ટકાથી વધીને ફેબ્રુઆરીમાં ૬.૯૫ ટકા થયો. આમ નિયંત્રણ મેળવવા માટે રીઝર્વ બેંક દ્વારા સતત ૧૩મી વખત પૉલીસી રેટમાં વધારો કરાયો છે.

કેન્દ્ર સરકારના જાહેર સાહસોના ખર્ચાઓ નિયંત્રિત કરવાની આવશ્યકતા છે. કેન્દ્ર સરકારના આર્થિક બાબતો વિભાગનાં આંકડાઓ દર્શાવે છે કે વહીવટી ખર્ચા વધી રહ્યા છે. અને કેટલાંક વિભાગો દ્વારા સબસીડીની જાહેરાતો પણ વધતી જાય છે. જેનાથી તિજોરી પર કરોડો રૂપિયોનો બોજ વધતો જાય છે. આવકવેરા અને એકસાઇઝ ડ્યુટીની આવક પ્રમાણમાં વધારો દર્શાવે છે. પરંતુ ખર્ચનું પ્રમાણ ત્રણ ગણું વધતું જાય છે. વિશ્વ બેંક અને એશિયન ડેવલોપમેન્ટ બેંકના વ્યાજનો ખર્ચ પણ પ્રમાણમાં વધતો જાય છે. પગાર, પેન્શન અને વિજ્ઞાપનના ખર્ચાઓ પણ કેન્દ્ર સરકારની તિજોરી પર ઘેરી અસર વર્તાવે છે. આગામી દિવસોમાં નાણાંકીય શિસ્ત ઊભી કરવા કેટલાક કડક પગલાઓ પણ લેવાવા જોઇએ. કોઇ પણ દેશના વિકાસ માટે આર્થિક સમતુલન આવશ્યક છે. અને આપણા અર્થશાસ્ત્રીઓ અને પ્રધાનમંત્રીશ્રી આ માટે સક્ષમ છે ત્યારે દેશ આ ચિંતાજનક આર્થિક હાલતમાંથી ઝડપથી બહાર નીકળે એવી અપેક્ષા રાખે છે.

જીવન એ વિરોધાભાસનું જંગલ છે... બધું જ એકબીજાથી વિરોધાભાસી અને અલગ લાગે છે... પણ અંતે તો એકમેક વગર કોઇનું પણ અસ્તિત્વ નથી

વિચાર યાત્રા

- જય ઓઝા

ગ્રીકની જગપ્રસિધ્ધ મિથ છે. દેવતાઓને પેન્ડરા નામની એક નિર્દોષ અને સુંદર સ્ત્રી બનાવી. અને એ પેટી પેન્ડોરાને આપીને નીચે મોકલવામાં આવી. આમ જોવા જઇએ તો દેવતાઓ દ્વારા મનુષ્યો માટેની કરવામાં આવેલી ચાલ હતી... પેન્ડોરાને જણાવવામાં આવ્યું કે રસ્તામાં આ પેટી ખોલતી નથી...

જે કરવાની મનાઇ ફરમાવવામાં આવી હોય તે કર્યા વગર તો રહી જ ન શકાય ને! પેન્ડોરાએ તે પેટી રસ્તામાં ખોલી નાખી અને તેમાંથી ધરતી પર બધા રોગ, કમનસીબીઓ, આફતો એમાંથી ઠલવાઇ ગયા. આજે પણ આ ઢાળાયેલી મુશ્કેલીઓ આપણને પરેશાન કરે છે.

જો કે પેન્ડોરાની આ પેટીમાં એક ભેટ પણ હતી. જેના જોરે આ બધી આ આફતોનો સામનો આજ સુધી કરીએ છીએ... અને તે ભેટ હતી આશા...

રિચાર્ડ બાકે કહ્યું છે કે, માણસ ખોરાક વિના ચાર દિવસ જીવી શકે છે, પાણી વિના ત્રણ દિવસ જીવી શકે, હવા વિના ૮ મિનિટ જીવી શકે... પણ આશા વિના એક સેકન્ડ પણ જીવી ન શકે.

જીવન એ વિરોધાભાસનું જંગલ છે... બધું જ એકબીજાથી વિરોધાભાસી અને અલગ લાગે છે... પણ અંતે તો એકમેક વગર કોઇનું પણ અસ્તિત્વ નથી.

વૈજ્ઞાનિકોના તારણ મુજબ માણસનું મગજ 'રિયાલીસ્ટિક' નહીં પણ હંમેશાં 'ઓપ્ટિમિસ્ટીક' મોડમાં રહે તેમ ઘડાયું છે...

અને એટલે જ યક્ષના પ્રશ્ન વખતે યુધિષ્ઠિરને જે આશ્ચર્ય થાય છે, તે આપણને કોઇ દિવસ થતું નથી. આટ-આટલા મૃત્યુ રોજેરોજ જોવા છતાં માણસ ક્યારેય મરશે નહીં. એમ માનીને જીવવાનું ચાલું રાખે છે.

નહિતર પૃથ્વીની બધી જ વસ્તી હજારો વર્ષોથી ડિપ્રેશનમાં જ ચાલી ગઇ હોત!

બેરોજગારી, ધરતીકંપ, ત્રાસવાદ આ બધાની વચ્ચે માણસ 'વધુ સુખી થવાનું' સપનું પંપાળ્યા કરે છે. ટોળામાં સામૂહિક પણે આપણે બધા કદાચ નિરાશાવાદી હોઇશું. (આ દેશનું ક્શું થવાનું નથી, બધું ખાડે જવાનું છે...) પરન્તુ વ્યક્તિગત રીતે આપણું ફંક્શનીંગ આશાવાદી રહેવાનું - પોતાના સંતાનોનાં ભવિષ્ય માટે, પોતાની સફળતા માટે માણસ આશાવાદી છે એટલે જ તો સતત કોઇ ને કોઇ પ્રવૃત્તિમાં સંકળાયેલો રહે છે... અને આ જ કારણે પથ્થરની આગ પ્રગટાવતો આદિમાનવ આજે વિકાસ કરીને ક્યાં નો ક્યાં પહોંચી ગયો છે.

સાયકોલોજી કહે છે કે 'સ્ટુપિડ' કહ્યા પછી ઉતારી પાડેલા વ્યક્તિ કામ વધુ બગાડે છે... જ્યારે સ્માર્ટ કહીને મોટીવેટ કર્યા પછી કામ સુધરે છે. માણસનું મન પોઝીટીવ અપેક્ષાઓ કરવા ટેવાયેલું છે...

ગમે તેવી દુર્ઘટનામાંથી અંતે અથડાતા - કૂટાતા આપણે સારી બાબતો વીણી લઇએ છીએ... ગયા વર્ષે નહીં તો આ વર્ષે ચોક્કસ કોઇ ચમત્કાર બની જશે!

અરવિંગ બોલોસ નામના નવલકથાકારે એક વાર્તા લખી હતી... અને તેમાં માનવીની ત્રણ મહાન આશાઓ દર્શાવી હતી.

(૧) જેમને ચાહતા હોઇએ તે વ્યક્તિને ચાહવાની આશા
(૨) સમૃધ્ધ, સાધનસંપન્ન બનવાની આશા
(૩) તંદુરસ્ત, નિરોગી, રહેવાની આશા...

આખી દુનિયા આ ત્રણ આશાઓ પાછળ દોડતી રહે છે. બાકીની બધી ઇચ્છાઓ આની બાયપ્રોડક્ટ છે.

કહી ના કહીં, કભીં ના કભી...

ભગવાને પણ માણસ સુધરશે તેવી આશા છે, એટલે એ પણ દુનિયા ટકાવી રાખે છે ને!

'જાતસ્ય હી ધ્રુવો મૃત્યુ' પ્રમાણે જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે, ત્યારે ભારતીય સંસ્કૃતિ પ્રમાણે પુર્નજન્મની અવધારણા દ્વારા અધૂરા કાર્યો પૂરી કરવાની આશા રાખે છે.

તેવી જ રીતે કોને ખબર જગતમાં ક્યારે, કેમ, કેવી રીતે, ક્યા સંજોગોમાં કોણ મળવાનું છે?

શિખર પર ચડતો હોઇએ ત્યારે જે સામે મળે, એની સામે સ્મિત ફરકાવતા રહેવું, કારણ કે ટોચ પર કોઇ આજીવન નથી રહેતું - ઉતરતી વખતે પણ કદાચ એ જ સામે મળવાનાં છે...

દુનિયાની કમનસીબી એ છે કે સાચું સમજાતું તો લગભગ બધાને હોય છે, પણ સાચા સમયે નથી સમજાતું... અને ખોટી ઘટનાઓના આઘાત સમજાવાથી બેવડાઇ જતો હોય છે.

કહી તો મિંલેગે તો પૂછેંગે હાલ... જીવનની ભૂલભૂલાણીમાં કોઇને કોઇ વળાંકે ક્યાંક ભેગા થવાનું છે... માટે મુસ્કુરાકે ચલો... સંબંધ વર્તુળ જેવો હોય છે અને વર્તુળ ને છેડો હોતો નથી.

- jayuoza@gmail.com

અરસપરસ

મિત્રો!

૧૨મી એપ્રિલને ગુરુવાર, સમય સાંજના ૪.૩૦ક. ટપાલી થોકબંધ ટપાલ આપી જાય છે. તેમાં ધ્યાન ખેંચે એવું ક્રૉટન કોટેડ પેપર બૅગ જેની પર સિક્કો છે. 'અન રજિસ્ટર્ડ પાર્સલ' મોકલનાર સંસ્થા કે વ્યક્તિનો ક્યાંક કોઇ જ નિર્દેશ નથી. બહારથી જોતાં એમાં કોઇક સામયિક કે પુસ્તક હોવાની શંકા જાય છે. આ જ સંશય વચ્ચે હળવેકથી બૅગ ખોલું છું. આશ્ચર્ય વચ્ચે અમેરિકાથી પ્રકાશિત થતું **TIME** સામયિકનું ટાઇટલ પેઇજ! જેની પણ આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો કરડાટી ભર્યો ચહેરો દેખાય છે! પ્રથમ દૃષ્ટિએ તો શંકા જાગે કે કોણે આ અંક મોકલ્યો હશે? ક્યાંક મોકલનારનું નામ કે નિશાની ના મળે!! હા, એ અભેદ્ય બૅગમાં જમણે ખૂણે ૧૯-૦૦ રૂા. ની ટપાલ ચાર્જનો છાપેલો સિક્કો અને ભારત ઇન્ડિયા પોસ્ટેજની કાળી શાહીની છાપ સાથે તા. ૭-૪-૨૦૧૨ ની નોંધ વંચાય છે. ક્યાંક કૉડ નંબરના આંકડાઓ અને મારા નામ - સરનામાવાળું સ્ટિકર બસ. બાકી બધું રહસ્યમય!!

મનમાં થાય છે હોય! ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના સાથી દિલીપકુમાર રોયે નહોતું લખ્યું. 'ચમત્કારો આજે પણ બને છે એવું જ કંઇક! આ ઘટનાને પણ એમ ચમત્કાર જ ગણી લો ને! પાનાં ફેરવવાં ગમે છે. વાંચતા એટલું સ્પષ્ટ થાય છે કે અમેરિકાથી પ્રસિધ્ધ થતાં **TIME** નામના અંગ્રેજી ભાષી પાક્ષિકના મુખડા ઉપર માનનીય મુખ્યમંત્રી શ્રી, નરેન્દ્રભાઇ મોદીનો બહુરંગી ફોટો છપાયેલો છે. ફોટાની બાજુમાં જ લખાણ છે : **"MODI MEANS BUSINESS"** મોદી એટલે ધંધો - વેપાર! સારા શબ્દોમાં કહેવું હોય તો વ્યવસાય પણ કહી શકાય. એ શબ્દોની નીચે લખ્યું છે : **"BUT CAN HE LEAD INDIA?"** ...પણ શું એ ભારતને દોરી શકશે?

જગતમાં સૌથી વધારે વેચાણ થતું. વંચાતુ **TIME** પાક્ષિક જેવા ૨૫ લાખ વાચકો કે ગ્રાહકો છે એમાં માત્ર અમેરિકામાં જ ૨૦ લાખ ગ્રાહકો છે બાકી રહેલા ૫ લાખ આખીયે દુનિયામાં થઇને ગણાય. (ગુજરાતના અમદાવાદ ખાતેનું એક અગ્રણી અખબાર પોતાની લાખોની સંખ્યામાં દૈનિકપત્ર વંચાતુ - વેચાણ ધરાવતું હોવાનો દાવો કરે છે.) આ ટાઇમ મેગેઝીનના દક્ષિણ એશિયાના બ્યુરો ચિફ છે મિ. જયોતિ થોટ્ટમ. એમના બ્લૉગ પર મૂકાયેલા શબ્દો છે. દેશમાં સૌથી લાડીલા અને તિરસ્કૃત નેતા નરેન્દ્ર મોદી જ કેમ? એ જ બ્યુરો ચિફ મિ. જયોતિ થોટ્ટમ બ્લૉક પર વધુમાં લખે છે. 'ગુજરાતના વિકાસથી માત્ર એક જ સમુદાયને ફાયદો નથી થયો પરંતુ જાતિ અને ધર્મના ભેદભાવ વગર સમગ્ર ગુજરાતની પ્રજાને તેનો ફાયદો થયો છે!!'

સ્વાભાવિક રીતે વિરોધાભાસી કહી શકાય એવા આ વિધાનો આશ્ચર્ય સર્જે એમાં શી નવાઇ? હા, ટાઇટલ પેઇજ ટાઇમ મેગેઝીનનું સંપૂર્ણ અંગ્રેજીમાં પણ... સામયિક ખોલતાં જ અંદરનાં પાના મૂળ અંગ્રેજીમાં તે પછી તેનો હિન્દી ભાષાનાં અનુવાદ અને તે પછી ગુજરાતી ભાષામાં અનુવાદ!! ખુશ હાલ, ગુજરાતીઓ! ગુજરાતના વિકાસ પુરૂષ - સ્વપ્નદ્રષ્ટા નરેન્દ્રભાઇ; ઊંઘાડી આંખે વિકાસ!! સુંદર છપાઇ, આકર્ષક ફોટોગ્રાફી, સુંવાળા મલમલી કાગળ આખોયે અંક સાચવી રાખવા જેવો બન્યો છે! પણ... હા, આ અસલી **TIME** સામયિક નથી. મુખ્યમંત્રી શ્રી, નરેન્દ્રભાઇની વિકાસશીલ દૃષ્ટિએ સર્જેલો ગુજરાતનો વિકાસ દર્શાવતી જાહેરાત છે! કહો કે નરેન્દ્રભાઇ મોદીને વધુ સારી રીતે ઉજાગર કરવા માટેનો સુનિશ્ચિત પ્રયત્ન છે.

ખેર! આખો અંક સાદ્યંત વાંચી લઉં છું. એક વાર નહીં બબ્બે, ત્રણ-ત્રણ વાર કેટલીક મહત્ત્વની પંક્તિઓ નીચે પેન્સિલથી લીટીઓ દોરી લઉં છું. સમજાયું એ આ પ્રમાણે છે! બધા જ અવતરણો બ્યુરો ચિફ મિ. જયોતિ થોટ્ટમના છે ઘણીવાર માણસ હોય છે એના કરતાં એનો પણછાયો લાંબો હોય છે! પાન નં.૩ પર પ્રસ્તાવના છે (અલબત્ત ગુજરાતીમાં) છપાયેલી છે તેના પ્રથમ વાકયમાં જ ટાઇમ મેગેઝીનમાનાં કવર અને સ્ટોરીમાં 'નાનકડા પ્રદેશનો માણસ' (૨૬ માર્ચ, ૨૦૧૨) છપાયેલ છે તો બીજી લીટીમાં 'ટાઇમના દક્ષિણ એશિયાના બ્યુરો ચિફ, જયોતિ થોટ્ટમના બ્લૉક નરેન્દ્ર મોદી દેશના સૌથી લાડિલા અને તિરસ્કૃત નેતા કેમ છે. શું સમજવું આને? બ્રુકિંગ્સ ઇન્સ્ટિટ્યુસન્સના મેનેજિંગ ડિરેક્ટર વિલિયમ એન્થોલિસે તેમના સત્તાવાર બ્લૉક પર 'ભારતના સૌથી લાડિલા અને સૌથી શક્તિશાળી નેતા : નરેન્દ્ર મોદી'' (૧૬ માર્ચ, ૨૦૧૨) છપાયેલું છે. કવર પેઇજ પર મોદી મીન્સ બિઝનેશ : બટ કેન ઇ લીડ ઇન્ડિયા? નું મથાળું છે. ગુજરાત સૌથી ઝડપે વિકાસ સાધી રહ્યાનું અને કેટલીક બાબતો ભારત કરતાંયે વધુ સારી રીતે ચાલી રહી હોવાનું આશ્વાસન આપે છે! તો એ જ પાન. નં.૩ પર લીલા રંગની શાહીથી છપાયેલું સૂત્ર છે. 'ગુજરાત ભારતનું વિઝન બની શકશે...' નરેન્દ્રભાઇની પ્રશંસા વાંચતા લાગે છે કે ગુજરાત અને તેના નેતાની ઉપલબ્ધિઓનાં ઓવારણાં લેવા જગતનું એક જૂથ એકત્ર થયેલું છે.

ત્યાં આવે છે પાન નં.૧૧, શિર્ષક છે 'નાનકડાં પ્રદેશનો માણસ - લે. જયોતિ થોટ્ટમ, લખે છે **TIME** સામયિક ૧૯૨૩ થી પ્રકાશિત થાય છે. નરેન્દ્રભાઇને કવર પેઇજ પર મૂકવાથી મહાત્મા ગાંધી - જવાહરલાલ નેહરૂ અને ઇન્દિરા ગાંધી જેવા દિગ્ગજ ભારતીયોની યાદીમાં નરેન્દ્રભાઇ મોદી શામેલ થતાં દર્શાવ્યાં છે. નરેન્દ્રભાઇ મોદીએ શામેલ થતાં દર્શાવ્યાં છે. નરેન્દ્રભાઇ મોદીએ વિતેલા દશકામાં ગુજરાતની કાયાપલટ કરી નાંખી છે એમ તેઓ લખે છે. વધુમાં દેશમાં ગુજરાત જ માત્ર ૨૪ કલાક નિરંતર વીજપ્રવાહ મેળવનાર રાજય છે એમ પણ લખાયું છે. એ આગળ લખે છે, નરેન્દ્રભાઇમાં ધાર્મિક આસ્થા નથી તેઓની ઑફિસમાં માત્ર વિવેકાનંદની જ મૂર્તિ જોવા મળે છે. તેઓમાં સગાવાદ કે વંશ પરંપરાવાદ નથી. તેઓ વેપાર-વાણિજ્યના પર્યાય સમા છે અને છેલ્લે ભારતીય મીડિયા અમેરિકાના ટાઇમ મેગેઝીનનાં પગલાંને અનુસરે, કદરને પાત્ર હોય તેની કદર કરે અને વાયરો કઇ દિશામાં વાયી રહ્યો છે તે જાણે... થી ભલામણ કરે છે કે સલાહ આપે છે. આમેય અમેરિકાનો ધંધો સૌને સલાહ આપવાનો તો છે જ!'

મારે એ જ લેખ - નાનકડા પ્રદેશનો માણસમાંના કેટલાંક અવતરણો મૂકવાં છે જે બ્યુરો ચિફ જયોતિ થોટ્ટમ નોંધેલા છે. હું તેની નીચે અન્ડર લાઇન કરું છું. '૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ હિન્દુ રાષ્ટ્રવાદીઓના જૂથને લઇને આરતી ટ્રેનના બે ડબ્બાઓને ગુજરાતના ગોધરા ખાતે સળગાવી દેવામાં આવ્યા હતા. જેમાં ૫૮ લોકોનાં મોત નિપજયાં હતાં. જેના લીધે સંગઠિત રીતે ફલાયેલી બદલાની માનસિકતાએ ગુજરાતના ૨૦૦૦ મુસ્લિમ પુરૂષો મહિલાઓ અને બાળકોનો ભોગ લીધો હતો. અંગ વિચ્છેદન, બળાત્કાર, અને જીવતા સળગાવવા જેવા ઘૃણાજન કૃત્યોની વેદનામાંથી ગુજરાત પસાર થયું હતું. મુસ્લિમોના હજારો ઘરો, કારોબાર અને ધાર્મિક સ્થાનોને નાશ કરવામાં આવ્યો હતો. આ કત્લેઆમ પછીનાં એક દશકામાં સંખ્યાબંધ દંગાખોરોની ધરપકડ કરવામાં આવી પણ આ હિંસાને રોકવામાં તીવ્ર ઉશ્કેરણી છતાં પણ સંયમ જાળવવા બદલ હિન્દુઓની પ્રશંસા કરી છે... ૨૦૦૦ સમયે હિન્દુ રાષ્ટ્રવાદીઓએ બંધનું એલાન જાહેર કર્યું અને હિન્દુઓના બળેલાં મૃતદેહોને અમદાવાદ લાવીને તેને જાહેરમાં બતાવ્યા. મોદીએ આ બંને મુદ્દે તેમને સમર્થન આપ્યું. મોદીના આ બંને નિર્ણયોની વ્યાપક ટીકાઓ થઇ રહી છે.' (પાન. ૧૦)

છેલ્લે **TIME** મેગેઝીનના પાન નં. ૨૫ પર જોઇએ, 'મોદીને ટાઇમ મેગેઝીનના કવર પેજ ઉપર મૂક્યા એનો મતલબ એમ બિલકુલ નથી કે તેમને પુષ્ટિ આપવામાં આવી છે. અમદાવાદના સમાજ વિજ્ઞાની શ્રી ત્રિદીપ સુહૃદ કહે છે : 'મોદી દેશનાં એક માત્ર એવા નેતા છે જેમણે મંદિરો તોડાવ્યાં હોવા છતાંય હિન્દુ રાજનીતિમાં જેમને હજી સુધી સ્વીકૃતિ મળી રહી હોય!'

'મોદી સામે કોઇએ પણ પડકાર ફેંક્યો તેમને બહાર ધકેલી દેવામાં આવ્યા અને તેમને ભાજપની ટીકીટ પર ચૂંટણી લડવાની મોદીએ ના પાડી.' 'મોદી સામે અલગ સૂર કાઢે તેને માટે પક્ષમાં કોઇ સ્થાન રહ્યું નહિ.'

૪૮ પાનાંની આખી પુસ્તિકા ને વળી **A-4** સાઇઝ કરતાંય મોટીમાં સમગ્ર લેખો મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રશંસા કરવામાં જ પ્રસિધ્ધ થયેલા છે ત્યારે એ જ લેખકોએ એવાં વિધાન પ્રગટ કરીને પોતે તટસ્થ હોવાનો પ્રયત્ન કર્યો હશે શું? આ તો થોડાં આંસુ થોડાં ફૂલ જેવી વાત થઇ. તો પછી ટાઇમ મેગેઝીનના કવર પેજ પર નરેન્દ્રભાઇની ફોટા સાથેની કૉપીથી શો ફેર પડવાનો હશે? આ ટાઇમ પ્રકાશન તો ખાનગી પ્રકાશન કંપની છે. પ્રશ્ન એ નથી થતો કે ૨૦ લાખ જેટલી અમેરિકન પ્રજા જે સામયિક વાંચે છે એ ટાઇમ મેગેઝીનના કવર પેજ પર નરેન્દ્રભાઇ મોદીને મૂકવા શા માટે અમેરિકન સરકારે તેઓને અમેરિકા પ્રવેશ માટે 'વિઝા' આપવાની ના પાડી દીધી હશે? એ સરકારના પક્ષે પણ કંઇક કહેવાયું હશે જ ને!

છતાં સમગ્ર ગુજરાતના વિકાસ માટે, માત્ર ભૌતિક વિકાસ માટે નરેન્દ્રભાઇએ કરેલાં કામોની ભવિષ્ય જરૂર નોંધ લેશે. સામાજિક સમરસતા - રાષ્ટ્રીય એકતા - કાયદો અને વ્યવસ્થા - લોકશાહી વિચાર પધ્ધતિ, ભ્રષ્ટાચાર - મોંઘવારી - જેવાં ઘણાં પ્રશ્નો આજેય મોં ફાડીને ગુજરાતની પ્રજા સામે પડ્યા છે. ભૌતિક વિકાસમાંથી સામાજિક ન્યાય અને સમરસ સમાજ માટે પ્રજા તાકી રહી છે. શું નરેન્દ્રભાઇ એ માટે ચિંતન કરશે ખરા? બાકી તો સંત ચંડીદાસ કહેશે તેમ 'સાબાર ઉપરે માનુષ સત્ય, તે હિ ઉપરે નાંહી' સૌથી ઉપર માણસ છે! અદનો આદમી!! એ જ સત્ય છે. એ જ સનાતન છે.

આવજો!

- ભાનુપ્રસાદ પુરાણી

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૭મી એપ્રિલ વિશ્વના પ્રથમ મહિલા વડાપ્રધાન સિરિમાઓ લંકા સ્થાપકનો જન્મદિન

શ્રીલંકાના રાજકારણમાં હિંમતવાન અને દૂરંદેશી મહિલા વિશ્વના પ્રથમ મહિલા વડાપ્રધાનનો આજે જન્મદિન. સિલોનને શ્રીલંકા નામ આપ્યું. સિંહાલીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારી. સંસદનું જ સાર્વભૌમત્વ એ સિરિમાવોના બંધારણની વિશિષ્ટતા, અનાજ અને ખેતી ઉત્કર્ષ માટેના કાર્યોથી 'સેરસે' પદક મળ્યો. શ્રીલંકાના અત્યંત સન્માનીય નેતા.

- ફ્રેન્ચ સાહિત્યકાર 'આનાતોલ ફ્રાન્સ' નો આજે જન્મદિન.
- અલીગઢ યુનિવર્સિટીના સ્થાપક સૈયદ અહમદખાનનો આજે જન્મદિન ૧૬-૪-૧૮૧૭.
- અમેરિકન રાષ્ટ્રભક્ત બેન્જામીન ફ્રાન્કલીનનું અવસાન ૧૭૯૯.
- ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું અવસાન૧૯૭૫.
- જાણીતા મજૂર આગેવાન ખેડૂભાઇ દેસાઇનું અવસાન ૧૯૭૫.
- વસોથી પીજ સુધીની રેલ્વે લાઇનનો પ્રારંભ.